## **-: રે.દિ.મુ.નં. ૧૨૪/૨૦૨૨ ના કામે આંક - ૧ લગત હુકમ :-**

હાલનો દાવો ભાડાવાળી મિલ્કતનો ખાલી કબજો મળવા અંગે કરવામાં આવેલ છે. હાલના કામે આજરોજ પક્ષકારો દ્રારા આંક - ૧૧૯ થી કરારદાદ હુકમનામું કરી આપવાની પુરસીસ રજુ થયેલ છે. જેમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાનું અને સદર સમાધાન બંને પક્ષકારોએ કોઈપણ જાતના દાબ - દબાણ વગર ધાક ધમકી વગર, સંપૂર્ણ સાવધ અવસ્થામાં ડર વગર કરેલ હોવાનું જણાવી સમાધાન નોંધી કરારદાદ હુકમનામું કરી આપવા અરજ કરેલ છે. જેથી સદરહું કામે આંક - ૧૧૯ થી રજુ થયેલ કરારદાદી હુકમનામાની અરજી ધ્યાને લેતા હાલનો દાવો ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

કોર્ટ ફી રીફંડ વાદીના નામનું ધોરણસર કાઢી આપવું.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તારીખ- ૦૧ લી, માહે- ઓગષ્ટ, સને- ૨૦૨૬ ના રોજ શનિંવારની કાયમી લોકઅદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- વેરાવળ
તા. :- ૦૧/૦૮/૨૦૨૬

(ડિ.વી.પંડયા)
એડી.સીવીલ જજ,
ગીર - સોમનાથ(વેરાવળ)
(કોડ નં. જી.જે. ૦૧૭૪૫)